# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અમદાવાદ ખાતેથી ₹૬૫૧ કરોડની ૩૭ વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાવ્યું.**
2) **આજે ગુજરાત યુનિવર્સિટીના 73મા વાર્ષિક પદવીદાન સમારોહમાં ભૂતપુર્વ ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુ મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેશે.**
3) **અમદાવાદમાં નરોડા-બાપુનગરની કર્મચારી રાજ્ય વીમા નિગમ- ESIC હોસ્પિટલ ખાતે ટૂંક સમયમાં મેડિકલ કોલેજ શરૂ થશે**
4) **દીવ પાસેના અહેમદપુર માંડવી ખાતે આજથી ત્રણ દિવસના બીચ ફેસ્ટિવલનો પ્રારંભ થશે.**
5) **રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવઃ લઘુતમ 10 ડિગ્રી સેલ્સિયસથી વધુ અને મહત્તમ 30 ડિગ્રી તાપમાન નોંધાયું.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH - GUJARAT

**કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગઈ કાલે અમદાવાદ ખાતેથી અંદાજિત ₹૬૫૧ કરોડના કુલ ૩૭ પ્રજાલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાવ્યું હતું.**

**અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ અને ગાંધીનગર લોકસભા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ₹૯૫ કરોડના ૧૦ વિકાસ કામોનું લોકાર્પણ તથા ₹૫૫૬ કરોડના ૨૭ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત થયું હતું.**

શ્રી શાહે સુરતમાં કેન્સર હોસ્પિટલ અને સેનેટોરિયમનું લોકાર્પણ કર્યું હતું. સુરતના કાર્યક્રમ અગાઉ તેમણે અમદાવાદમાં હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થા દ્વારા યોજાયેલા હિન્દુ આધ્યાત્મિક સેવા મેળાનો પ્રારંભ કરાવ્યો હતો.

# GUJARAT UNIVERSITY CONVOCATION

**આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને ગુજરાત યુનિવર્સિટીનો 73મો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાશે. આ પ્રસંગે ભૂતપુર્વ ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુ મુખ્ય અતિથી તરીકે દીક્ષાંત પ્રવચન આપશે, જ્યારે રાજ્યનાં આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. યુનિવર્સિટિના અટલ કલામ બિલ્ડીંગ ખાતે સવારે 11-30 કલાકે આયોજિત આ સમારોહમાં 46 હજારથી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે, જેમાં સૌથી વધુ 23 હજાર 927 વિદ્યાર્થી વાણિજ્ય વિદ્યાશાખાના છે. વિવિધ વિષયો અને ફેકલ્ટીમાં શ્રેષ્ઠ દેખાવ બદલ 260 વિદ્યાર્થીઓને ચંદ્રકો એનાયત કરવામાં આવશે.**

# GOVERNER HALOL

પંચમહાલ જિલ્લાના હાલોલમાં આવેલી ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલય ખાતે પ્રાકૃતિક કૃષિના રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ અંગે બે દિવસના રાષ્ટ્રીય સેમિનારનો પ્રારંભ થયો છે.

આ પ્રસંગે શ્રી દેવવ્રતે જણાવ્યું હતું કે, દેશની પ્રથમ પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલય ખાતે યોજાયેલા આ તાલીમ સેમીનાર આગામી સમયમાં દેશનાં પ્રાકૃતિક કૃષિના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપશે.

દરમિયાન, રાજ્યપાલે રેડક્રોસ અમદાવાદ શાખાની અત્યાધુનિક ઇમારત‘ રેડક્રોસ શતાબ્દી ભવનની સૌજન્ય મુલાકાત લીધી હતી. તેમણે રેડક્રોસ અમદાવાદની વિવિધ સેવા પ્રવૃત્તિઓ અને સુવિધા પ્રકલ્પોની માહિતી મેળવી હતી.

# TAPI – KUPOSHAN NAABUDI

કુપોષણ દૂર કરવાના અભિયાનમાં આદિવાસીઓની મોટી વસ્તી ધરાવતા તાપી જિલ્લો રાજ્યભરમાં આઠમા ક્રમે છે.

તાપી જિલ્લામાં આવેલ આંગણવાડી કેન્દ્રોમાં અભ્યાસ કરતા ચોત્રીસ હજાર જેટલા બાળકો, ત્રણ હજાર પાંચ સો સગર્ભા સ્ત્રીઓ અને બે હજાર જેટલી ધાત્રી માતાઓને ટેક હોમ રાશન, પૂરક પોષણ આહાર, સહિત સંજીવનીનું દૂધ આપવામાં રહ્યું છે. આ અંગે વિભાગના કાર્યક્રમ અધિકારી તન્વી પટેલે વધુ વિગતો આપી

બાઈટ - તન્વી પટેલ

( ઇન્ચાર્જ પ્રોગ્રામ ઓફિસર, ICDS વિભાગ,તાપી)

# ESIC NAROA HOSPITAL

અમદાવાદમાં નરોડા-બાપુનગરની કર્મચારી રાજ્ય વીમા નિગમ-ESIC હોસ્પિટલ ખાતે ટૂંક સમયમાં મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયે નરોડા-બાપુનગર ESIC હોસ્પિટલ ખાતે વધારાનો સ્ટાફ નિમવા અને વ્યવસ્થાઓ ઊભી કરવા મંજૂરી આપી છે.

હવે નેશનલ મેડિકલ કમિશનની મંજૂરી મળતા 100 બેઠક સાથેની મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે.

420 બેડ ધરાવતી આ હોસ્પિટલમાં શૈક્ષણિક વર્ષ 2025-26થી મેડિકલ કોલેજ શરૂ કરવા રાજ્ય સરકારે જરૂરી પ્રમાણપત્ર પણ આપ્યું છે. હાલ ગુજરાતમાં 40 મેડિકલ કોલેજમાં એમબીબીએસની 7 હજારથી વધુ બેઠકો છે.

# RAJKOT PRAJASATAK DIVAS

કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ ૨૫ અને ૨૬ જાન્યુઆરીનાં રોજ રાજકોટ જિલ્લાના પ્રવાસે આવશે. તેઓ ૨૬ જાન્યુઆરીએ દેશના ૭૬મા પ્રજાસત્તાક પર્વની રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી નિમિત્તે કોટડાસાંગાણીમાં અરડોઈ રોડ પર ઠાકોરજી મુળવાજી વિનયન કોલેજ ખાતે ધ્વજવંદન કરશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે ત્રિદિવસીય કાર્યક્રમોનું આયોજન કર્યું છે, જેમાં દેશભક્તિનાં ગીતોનો કાર્યક્રમ "જાગો હિન્દુસ્તાની, લોક ડાયરો તથા સાહિત્ય ઉત્સવનો સમાવેશ થાય છે.

# DIU AHEMDPURA BEACH FESTIVAL

દીવ પાસેના અહેમદપુર માંડવી ખાતે આજથી ત્રણ દિવસના બીચ ફેસ્ટિવલનો શુભારંભ થશે. માંડવી દરિયા કિનારાનો વિકાસ થાય અને પ્રવાસીઓને ફરવા માટેનું નવું સ્થળ મળે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ સિંહ જાડેજાએ ગઈ કાલે બીચની મુલાકાત લઈને વિવિધ તૈયારીઓનું પૂર્વ નિરીક્ષણ કર્યું હતું. ફેસ્ટીવલમાં રંગારંગ સંસ્કૃતિ પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવશે અને વિવિધ થીમ પેવેલિયન તથા ખાણીપીણીના સ્ટોલ ઊભા કરવામાં આવશે..

# DIU PM SURYA GHAR

દીવના સાઉદ વાડી ગ્રામ પંચાયત તથા બુચરવાડા ગ્રામ પંચાયત ખાતે પીએમ સુર્ય ઘર મફત વીજળી યોજના અંતર્ગત લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેન્દ્રશાસિત પ્રદેશ દીવની ગ્રામ પંચાયતોમાં લોકોને વીજ કંપનીના કર્મચારીઓ દ્વારા પીએમ સૂર્યઘર યોજના હેઠળ વીજળીમાં સબસિડી તથા મફત તેમણે પીએમ સુર્ય ઘર યોજનાનો વધુ ને વધુ લાભ લેવા લોકોને આગ્રહ કર્યો હતો.

આ અંગે વિજ કંપનીના કર્મચારીએ વધુ માહિતી આપી હતી.

## બાઈટ – પીએમ સૂર્ય ઘર

# KUVARJI BAVALIYA – RAJKOT SINCHAI

કેબિનેટ મંત્રી કુંવરજી ભાઈ બાવળિયાએ સૌરાષ્ટ્રની સૌની યોજના લિંક 1, 3 અને 4 ને લગતી બાબતો અંગે સમીક્ષા બેઠક યોજી તેની ચર્ચા કરી હતી.

આ બેઠકમાં રાજકોટ જિલ્લા પંચાયત હસ્તકની સિંચાઇની યોજનાઓ, અન્ય નવીનીકરણ અને રીપેરીંગ સહિતના મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી, ખેડૂતોની સિંચાઇ અંગેની માંગણી અને તળાવો ને જોડવા માટે પાણી પહોંચાડવા અંગે પણ ચર્ચાઓ કરવામાં આવી..

આ અંગે મંત્રી શ્રી બાવળિયાએ વધુમાં જણાવ્યું હતું

**બાઈટ: કુંવરજી ભાઈ બાવળિયા કેબિનેટ મંત્રી રાજ્ય સરકાર**

# WEATHER

રાજ્યમાં છેલ્લા બે દિવસથી બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં વિવિધ શહેરોમાં લઘુતમ તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસ જ્યારે મહત્તમ તાપમાન 30 ડિગ્રી સેલ્સિયસની આજુબાજુ રહેવાથી લોકોને મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સવારે ઠંડી અને બપોરમાં ગરમી એમ બંને ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

રાજ્યમાં 9.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. જ્યારે ગાંધીનગરમાં 11.8 ડિગ્રી, રાજકોટમાં 12.1, ભુજ 13.4, ડીસા 13.9 અમદાવાદ 14.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. દરમ્યાન હવામાન વિભાગે આગામી 24 કલાક દરમ્યાન અમદાવાદમાં 14 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

# PATAN BEST DISTRICT COLLECTOR

પાટણ જીલ્લા કલેકટર અરવિંદ વિજયનની રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે પસંદગી થઈ છે.

આવતી કાલે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે યોજાનાર ૧૫મા રાષ્ટ્રીય મતદાતા મહોત્સવ- ૨૦૨૫માં રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે શ્રી વિજયનને પુરસ્કાર અર્પણ કરવામાં આવશે.

રાષ્ટ્રીય મતદાતા મહોત્સવ- ૨૦૨૫ અંતર્ગત શ્રેષ્ઠ ચૂંટણી પ્રક્રિયા પુરસ્કાર - ૨૦૨૪ અન્વયે જુદી-જુદી કેટેગરીઓમાં રાજ્યના તમામ જિલ્લા તરફથી નોમિનેશન મોકલવામાં આવ્યાં હતા.